શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૬૧ • તા.૧૦ થી ૧૬ જુન ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ


નિર્મિત

## શ્રી કેડીઓ ભવન ના

## મુખ્ય દાતાશ્રી પરિવાર


આદરણીય શ્રેષ્ઠીવર્ય

# શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર



જ્ઞાતિ સમાજ ના ભડવીર ભામાશા જેમણે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી પુણ્ય ઉપાર્જન કરી સુકૃત ના ભાગીદાર બન્યા છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સદ્‌ભાવ અને સદ્‌ગુણોને સાચવીએ

પ્રત્યેક વ્યક્તિએ જીવનમાં સારા ભાવ રાખવા જોઈએ. શુભ ભાવનું ચિંતન કરીને જે અંતરમાં વિચાર જાગે એનાથી દ્રષ્ટિ સારી થશે, નિર્મળ થશે. માણસની અંદર જે પ્રકારના ભાવ જાગે છે તે પ્રમાણે તેનું જીવન ઘડાય છે. માણસના વિચારો સારા હોય તો તેનું વર્તન પણ તે મુજબનું સારું જ થાય. જો વિચારો દોષ ભર્યા હશે તો વર્તન પણ એવું જ દુષિત થશે. જે કદી કોઈનું સારું જોશે નહીંને કોઈનું સારું કરશે નહીં.

દરેકના મનમાં દુર્ગુણ અને સદ્‌ગુણના ભાવો હોય છે. દરેક સંસ્કારીને શિક્ષિત સભ્ય અને સારા પરિવારનો વ્યક્તિ સારો જ હોય છે, પણ કદિક સંગને કારણે તે દુર્ગુણના દુષિતપણાથી ગ્રસ્તિ થઈ જાય છે. સજાગ, સચેત દરેક વ્યક્તિ સારો થવા ચાહે છે અને સતત એ માટે જ મથે છે અને કોઈપણ હિસાબે પોતાનામાં રહેલી નબળાઈઓ દૂર કરવાના પ્રયાસોમાં રત રહે છે. આમ છતાં કેટલીક મૂળભૂત કમજોરીઓને લીધે તેનામાં ઝટ પરિવર્તન આવતું નથી. કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ નથી. પણ સંકલ્પ બળ અને આંતરિક તાકાત તેને સતત દુર્ગુણના માર્ગથી પાછા વળવા પ્રેરે છે. એટલે ગમે તેવો ખરાબ માણસ પણ તે અંતરથી સારું કરે તેવા પ્રયાસમાં રહે છે. તો સારો વ્યક્તિ પોતાનાથી અજાણતા કંઈ ખોટું-ખરાબ ન થાય એ પ્રત્યે સભાન રહે છે. દરેક વ્યક્તિ પોતાની ઊણપ દૂર કરવા માગે છે પણ દુર્ગુણોના દલદલ ગંદવાડ એટલો ઝટ સાફ થવાનો નથી. એ માટે સતત મથવું પડે છે, પ્રયાસ કરવા પડે છે.

સારા સદ્‌ગુણરૂપી સંસ્કારની સરવાણી જો સતત વહેતી થશે તો એની પાછળ પાછળ બીજા સદ્‌ગુણો જેવા કે પ્રેમ, દયા, કરૂણા, માનવતા, સંતોષ અને પરોપકાર ભાવ પણ આવી જવાના. અને જો દુર્ગુણની જડ સતત પ્રયત્નો છતાં જડમૂળ ન થઈ, નાબૂદ ન થઈ તો તે રાગ, દ્વેષ, લોભ, મોહ, ક્રોધ અને અસંતોષના ભંડાર આપણી અંદર ઠાલવવાની. એટલે જ કોઈ જ્ઞાની એ સાચું કહ્યું છે કે સારી વસ્તુ બીજી સારી વસ્તુને આકર્ષે છે અને એક ખરાબ ચીજ બીજી ખરાબ વસ્તુને આવવાનો મારગ મોકળો કરી આપે છે.

દરેક વ્યક્તિના વિચાર, સંસ્કાર અને આચાર ભિન્ન ભિન્ન હોય છે. તેવી જ રીતે દરેક વ્યક્તિની ઊણપો, નબળાઈઓ અને કમજોરી જુદી હોય છે. દરેકએ પોતાની અંદર રહેલ નબળી કડીને શોધી કાઢો અને તેને દૂર કરવામાં ખૂંપી જાવ તો નિશ્ચિત જીવન બદલાઈ જવાનું. આપણા સામે આવતી વ્યક્તિને દર્પણની જેમ નિરખવી જોઈએ. કારણે કે આપણામાં જે સમાયેલું છે એ સામાવાળામાં દેખાવાનું છે. આપણી પાસે સારું હશે તો આપણને એમાં સારું, શુભ દેખાવાનું છે ને આપણી ખરાબ સંપદાઓ હશે તો બીજામાં પણ ખરાબી દેખાવવાની છે. માટે જીવનમાં હમેશા સારા ભાવ રાખવા જોઈએ, કલ્પવા જોઈએ જેથી છેવટે તો શુભ અને સારું થાય અને સદ્‌ભાવ ભર્યું જીવન ઘડાય આપણે આપણ સદ્‌ગુણોને સાચવીને દુર્ગુણોને જાણીએ અને તેને દૂર કરવાના પ્રયાસ કરીએ તો પરિવર્તન થવાનું જ છે એ નક્કી છે.

-જય જ્ઞાતિમૈયા

# મોટો ભા થવાની ઘેલછા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ધન, પદ, પ્રતિષ્ઠા અને માન મોભો પામવા માટે પ્રત્યેક માનવી ઝંખે છે. ધન પ્રાપ્ત થાય એટલે તે પછી અન્ય ઝંખના માટે લોભ થાય છે. જો એ ન મળે તો ધન વ્યર્થ થયાનું અનુભવે છે. માણસ ખાધા ખોરાકી, મોજશોખ બધું છોડી શકે છે પણ વધુ મળવાની લાલચ છોડી શકતો નથી. ઈચ્છા, અપેક્ષા અને લાલસા અનેક દુઃખો સર્જે છે. દુનિયાનો પ્રત્યેક વ્યક્તિ આ મૃગજળ જેવા સુખની લાલચ પાછળ ભટકે છે. ધન અને કીર્તિને જીરવવાનું ટકાવી રાખવાનું મુશ્કેલ છે. માણસને સેવા અને શુભ કાર્યો દ્વારા જે માન મળે છે તે લાંબો સમય ટકી રહે છે. પરંતુ ધન સાથે જે માન આવે છે તે લાંબુ ટકતું નથી. ધન સાથે જે માન મરતબો મળે છે તે ધન ચાલી જતાં લાંબુ ટકતું નથી. હકુમત અને સતા દ્વારા મળેલું માનને હોદ્દો હોય ત્યાં સુધી જ ટકે છે. માણસ એક વખત ખુરશી પરથી ઊતરી જાય પછી તેને કોઈ પૂછનાર હોતું નથી. ધન, કીર્તિ અને પ્રસિધ્ધિનો મોહ માણસને સહજપણે અને સ્વાભાવિકપણે વર્તવા દેતો નથી. દંભ અને દેખાવ વધે છે તેમ તેમ એ પોતે બીજાના કરતાં ચડિયાતો અને સવિશેષ છે એમ માનતો થઈ જાય છે.

આપણે આપણા નાના વર્તુળમાં કોલર ઊંચા રાખીને ભલે ફરતાં હોઈએ છીએ તાત્પુરતા ભલે લોકો આપણને સલામ મારતા હોય પણ મોટા દેખાવાના દંભમાં માણસ કેટલી વખત એવી હરકતો કરતો હોય છે જે તેને શોભાજનક હોતી નથી. બધા પૈસાના પ્રભાવ તળે અંજાઈ જનારા હોય છે. ભલે ઘણાં લોકો કહેતા હોય છે કે આપણને ખુરશીનો મોહ બિલકુલ નથી કોઈ હોદ્દો જોઈતો નથી. પરંતુ હકીકતમાં તે આગ્રહ કરીને હોદ્દા ઉપર આરૂઢ થવા ઝંખતો હોય છે. આ માટે તે વલખા મારતો હોય છે. પદ નાનો હોય કે મોટો હોય સેવાની પ્રબળ ભાવના હૈયે અદમ્ય છે એવું કહીને સંસ્થામાં ઘૂસી પછી પોતાના પગ પહોળા કરે છે, ત્યાર પછી સિફત પૂર્વક અન્યોના હોદ્દા હડપી લે છે. કેટલાકને હોદ્દા અને માનપાન વગર ફાવતું નથી. કેટલાક માણસો સેવાની વાત કરીને સિફતપૂર્વક હોદ્દો છીનવી લેવામાં ફાવટ ધરાવતા હોય છે. કેટલાકને સહજ આગ્રહ થાય તો સ્ટેજ પર ચડી બેસી પછી માઈક મળે એ આશા રાખે છે અને મોકો મળતા માઈક પર ચીટકી જાય છે અને પોતાના જ્ઞાનનું પ્રદર્શન, વિચારોની ઝલક બતાવે છે.

આ પ્રકારની ઘેલછા દરેક સમાજના અનેક લોકો ધરાવતા હોય છે. જુઠી શાન, શોભા અને શોહરતનું ઘેલું લાગ્યા પછી તેનું વર્તન બદલાઈ જાય છે. પ્રશંસા અને ખુશામતમાં એક દોરા જેટલો અંતર હોય છે. પૈસા વેરીને કોઈ સમારંભના માનવંતા મહેમાન બનનાર અતિથિ વિશેષ પદ શોભાવનાર પ્રસિધ્ધિ લૂંટે છે પણ તેની કિંમત પણ ચૂકવતો હોય છે. તો કોઈ તેનાથી આગળ વધી સારી એવી મોટી રકમ ખર્ચી સમાજ રત્ન, વ્યાપાર ભૂષણ, ઉદ્યોગ શિરોમણિ, સમાજ સરતાજ, જ્ઞાતિ ગૌરવ જેવા એવોર્ડ મેળવે છે. આ કિંમત ચૂકાવીને મેળવેલા ઈલકાબોનું મૂલ્ય કોડીનું હોય છે. લોકોને પોતાનું સ્ટેટસ અને મોભો જળવાઈ રહે એની સતત ફિકર હોય છે. ઓળખીતા પાળખીતા માં પોતાનો દબદબો વર્તાય એવો આશય તેઓ રાખે છે. આ એક પ્રકારનો નશો છે. અધૂરો ઘડો વધુ છલકાય છે એ ઉક્તિ આપણે સાંભળી છે, વાંચી છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**


શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ

# શ્રી કેડીઓ ભવન

## મુખ્ય દાતાશ્રી પરિવાર

આદરણીય શ્રેષ્ઠીવર્ય

## શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર



આપે આપની લક્ષ્મી ને, ધર્મ અને સમાજ ઉપયોગી કાર્ય માટે વાપરી ને પુણ્ય ઉપાર્જન કરી સુકૃત ના ભાગીદાર બન્યા છો.

## મુખ્ય દાતાશ્રી પરિવાર નો

**શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ હૃદયપૂર્વક ઋણ સ્વીકારે છે.**

**અનુમોદના...અનુમોદના...અનુમોદના...**

# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો





શ્રી પાવાગઢના ડુંગરે પાવાગઢ તીર્થે મહાકાલી માતાજી ના ધામે શ્રી વાછરાદાદાજીનું મંદિર ૫૨૫ વર્ષ પહેલા સ્થાપિત હતું. ત્યાં હવે નવનિર્માણ મંદિર બનાવવામાં આવેલ છે.

આ બે દિવસ પ્રતિષ્ઠામાં ગામે ગામેથી કચ્છ મુંબઈથી દેશ દેશાવળ થી ૩૫૦ જણની સંખ્યામાં ભાવિકો પધારેલ.

તા.૨૮ મે રવિવારેના બપોરના પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ તથા સવારના ૯:૦૦ કલાકે શ્રી મહાકાલી માતાજીની ધ્વજા ચઢવાવાનો લાભ મળેલ.

રાત્રે અચલગચ્છ અધિષ્ઠયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. ઉમેશ ખોના, વિપુલ લોડાયા, હરીશ ડાઘા, રઘુભા જાડેજા, કિશોરભાઈ આણંદ, પ્રબોધ મુનવર, કુમાર મૈશેરી વગેરે એ સારી એવી રમઝટ જમાવેલ હતી.









# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો





તા. ૨૯ મે સોમવારના સવારના ૭:૦૦ કલાકે શ્રી મહાકાળી માતાજીની યાત્રા માટે પ્રસ્થાન થયેલ. જેનો સારી સંખ્યામાં ભાવિકો એ  લાભ લીધેલ

શ્રી પાવાગઢ ધામે શ્રી મહાકાલી માતાજીની સ્થાનમાં કચ્છથી આવેલ ડાકલીયા દ્વારા મુજરો કરાવવામાં આવેલ.

શ્રી વચ્છરાજ દાદાના નૂતન મંદિરની પ્રતિષ્ઠા ધામધૂમથી થયેલ પાવાગઢના ડુંગરે શ્રી વચ્છરાજ દાદાના મંદિરની પ્રતિષ્ઠા ના દિવસે ભંડારો રાખવામાં આવેલ.

દુકાનદારો પરિવારો અને સ્થાનિક ભાવિકો બધા મળીને ૧૭૦૦ જણથી વધારેની સંખ્યામાં ભાવિકો એ પેડીપ્રસાદનો લાભ લીધેલ.







# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો







૫૦૦૦ થી વધારે બુંદીના પેકેટના પ્રસાદી વહેંચવામાં આવેલ. દાતા પરિવારો ખુબજ હર્ષ ઉલ્લાહાસથી મંદિરનું નિર્માણ તેમજ પ્રતિષ્ઠાનો લાભ લીધેલ.

ભાવિકોના જમણવાર શ્રી શ્વેતામ્બર જૈન ભોજનશાળામાં રાખવામાં આવેલ. હાલોલ નગરથી કેટરર્સ વાળા પધારેલ

શ્રી દાતા પરિવાર તરફથી પ્રસાદ રૂપે કચ્છ તેરાના પેડાના બોક્સ કુટુંબ દીઠ આપવામાં આવેલ.

વડોદરાથી બસ લઇને સારી સંખ્યામાં ભાઈ બહેનો પધારેલ હતા.

શ્રી પાવાગઢ ધામે પાવાગઢ યુવા પરિવાર દ્વારા શ્રી દાતા પરિવારનું અનુમોદના કરેલ.







# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો






શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા પાવાગઢ યુવા પરિવારનું બહુમાન કરવામાં આવેલ. બપોરના શ્રી દાતા પરિવારની અનુમોદના કરવામાં આવેલ. સારી સંખ્યામાં પધારેલ ભાવિકોને શ્રી પાવાગઢની યાત્રાનો લાભ થયેલ.

શ્રી દાતા પરિવારોને નવનિર્માણ મંદિરની પ્રતિષ્ઠા કરવાનો લાભ. નૂતન મંદિરના અને પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવારો...







# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો





અ.સૌ. ધનલક્ષ્મીબેન ખુશાલચંદ ધનજી મૈશેરી, નાની સિંધોડી-વાપી, માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી જીવરાજ લોડાયા, નલિયા-મુલુંડ, માતુશ્રી વિમલાબેન ઠાકરશી લાલજી લોડાયા (પટેલ), સાંધવ-મુલુંડ, માતુશ્રી સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન (ધરમશી), કોઠારા-મુલુંડ, માતુશ્રી રસીલાબાઈ માણેકજી મેઘજી લોડાયા, સાંધવ-મુલુંડ, શ્રી દાતા પરિવારોની ખુબ ખુબ અનુમોદના. આવાજ સત્કારના કાર્યો કરતા રહેજો એજ મંગલ કામના.

શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ વતીથી હસ્તે શ્રી કિરણ દંડ (કાકા), શ્રી પ્રબોધ મુનવર ના જય વચ્છરાજ.








# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો















# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો










# પાવાગઢ તીર્થે મહાકાલી માતાજીના ધામે નવનિર્મિત શ્રી વાછરાદાદાજીના મંદિરનો દ્વિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ભાવ સાથે સંપન્ન થયો

















॥ પારોલા મંડન શ્રી શાંતિનાથાય નમઃ ॥

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગુણ-ગુણોદય-કલા-કવી-વીર મહોદયસૂરીભ્યો નમઃ ।



# શ્રી પારોલા તીર્થે
# મંગલમય ચાતુર્માસ પ્રવેશ
## પ્રસંગે નેહ નિતરતું નિમંત્રણ

ધર્મપ્રેમી - નવકાર મંત્ર આરાધક શ્રીમાન

સાદર જય જિનેન્દ્ર ! પ્રણામ !

સહર્ષ જણાવવાનું જે અમારા શ્રી સંઘની આગ્રહભરી વિનંતીનાં ફળસ્વરૂપ અમને પારોલા તીર્થોદ્ધારીકા **પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.** ના સુશિષ્યા ખાનદેશરત્ના **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.** નું ચાતુર્માસ મળેલ છે. શ્રી સંઘ સુંદર આરાધનામય ચાતુર્માસ કરાવવા કટિબદ્ધ છે. આપ સહુને પુજ્યશ્રીના પ્રવેશ પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ આપીએ છીએ. આપશ્રીના આગમનની સૂચના આપશો તો વ્યવસ્થામાં સુગમતા રહેશે.

..........ચાતુર્માસ પ્રવેશ..........

**આષાઢ સુદ ૯, સોમવાર તા. ૨૬/૬/૨૦૨૩**

**સમય સવારના ૯.૩૦ કલાકે**

..........સ્થળ..........

**શ્રી ભરતભાઇ ઝવેરચંદ લોડાયા ના નિવાસસ્થાન થી** (આયડીએલ સ્કુલ પાછળ, પારોલા)

સૂત્રાધિકારે ઉત્તરાધ્યયન સૂત્ર તથા ચરિત્રાધિકારે શ્રી તેતલિપુત્ર ચરિત્ર આધારીત પ્રવચન રોજ **સવારના ૯.૦૦ થી ૧૦.૦૦** રહેશે.

સવિશેષ આરાધનામાં **૫૦ દિવસીય શ્રી અષ્ટાપદ તીર્થના ભાવ ૯૯ યાત્રાનું આયોજન** કરાવવામાં આવશે. જે માટે ભવ્ય-દિવ્ય શ્રી અષ્ટાપદ તીર્થની રચના કરાવામાં આવશે. પ્રવેશના દિવસે એનુ ઉદ્‌ઘાટન કરાવામાં આવશે

લાભાર્થી સંઘમાતા- **માતુશ્રી વિજયાબાઇ પદમશી લોડાયા (નલીયા) અમલનેર**
**સૌ. ધનવંતીબાઇ શાંતીલાલ લોડાયા (નલીયા) અમલનેર**

**સંપુર્ણ ચાતુર્મસ ના મુખ્ય દાતા પરિવાર....**

માતુશ્રી બાયાબાઇ લક્ષ્મીચંદ લોડાયા (નલીયા) અમલનેર

**પર્યુષણ પર્વ ના દાતા પરિવાર....**

સૌ. ધનવંતીબેન શાંતિલાલ લોડાયા (નલીયા) અમલનેર

**....ડાયમંડ દાતા....**

સોમચંદભાઇ ભાલજી લાલકા (વારાપધર) અમલનેર

માતુશ્રી જયાબાઇ જવેરચંદ મોમાયા (સાંયરા) ચાલીસગામ

**....ગોલ્ડન દાતા....**

સૌ. લેખાબેન ધનપતિ મોમાયા (બારોઇ) જલગામ

માતુશ્રી તારાબાઇ કુલીનકાંત લોડાયા (બારોઇ) જલગામ

શા. દેવશીભાઇ કચરાભાઇ ડાગા (ગોએરસમા) અમલનેર/નાશિક

જયાબેન વિરચંદ સોની (સુથરી) જુહૂ

શા. દિપકભાઇ દામજી પોલડીયા (ગોએરસમા) ભુસાવલ

સૌ. દિનાબેન રાજેન્દ્ર પોલડીયા (બાયઠ) જલગામ

**....સિલ્વર દાતા....**

શા. તિલકચંદ પદમશી લોડાયા (નલીયા) અમલનેર

શા. હરીષભાઇ પદમશી લોડાયા (નલીયા) અમલનેર

માતુશ્રી સાધનાબેન અશોક પોલડીયા (ગોએરસમા) જલગામ

માતુશ્રી દમયંતીબેન માણેકજી છેડા (જસાપુર) જલગામ

માતુશ્રી જયવંતીબેન ભવાનજી લોડાયા (વારાપધર) પાચોરા

માતુશ્રી સેવંતીબાઇ વર્ધમાન લોડાયા (કોઠારા) જલગામ

માતુશ્રી કાંતાબાઇ ચન્દ્રકાંત લોડાયા (વારાપધર) ધુલીયા

શા. ઠાકરસીભાઇ રણશી ગોસર (ગોએરસમા) ધુલીયા

માતુશ્રી નિર્મલાબેન સુમતીચંદ લોડાયા (બારોઇ) નાશિક

**સંપર્ક સુત્ર...**

**દિનેશભાઇ લોડાયા 9325578355**

**હરીષભાઇ લોડાયા 8668976635/9422409656**


**દિલીપભાઇ પોલડીયા 9420065249**

..........નિમંત્રક..........

**પ્રમુખશ્રી, શ્રી પારોલા ક.દ.ઓ. શ્વેતાંબર મુર્તિપૂજક જૈન સંઘ, પારોલા**

તેમજ કારોબારી કમેટી તથા ટ્રસ્ટ બોર્ડના સભ્યોના બહુમાન પૂર્વક જયજિનેંદ્ર વાચશોજી

# જ્ઞાતિ શ્રેષ્ઠીવર્ય અને ઉદારદિલ દાતા હંસકુમાર ભવાનજી અરજણનું નિધન



મૂળ કચ્છ તેરા હાલે માટુંગા નિવાસી અને કચ્છના પૂર્વ સાંસદ સ્વ.ભવાનજી અરજણ ખીમજીના પુત્ર, કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ સમાજના શ્રેષ્ઠીવર્ય, ઉદાર દિલદાતા તથા સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના ટ્રસ્ટી, સમસ્ત મહાજનની જીવદયા સમિતિના ચેરમેન અને સિનિયર સિટીઝન સ્વાભિમાન સમિતિના કન્વીનર હંસકુમાર ભવાનજી ખીમજી અરજણનું ઉ.વ.૮૩ વયે તા.૬ મે મંગળવારના નિધન થયું. તેમના અવસાનના સમાચાર સમગ્ર જ્ઞાતિ સમાજમાં ફેલાતા સર્વત્ર શોકની લાગણી પ્રસરી હતી.

સ્વ.હંસકુમાર તેરા જૈન દેરાસર, ક.દ.ઓ.જૈન મહાજન તેરા, પાંજરાપોળ અને જ્ઞાતિ સમાજની વિવિધ સંસ્થાઓના કાયમી ટ્રસ્ટી તરીકે સેવા સાથે સહયોગ આપતા હતા. તેરા જૈન સમાજની ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ માટે માતબર દાન આપી હામી બન્યાં હતા. વતનથી દૂર બેઠા અનેક સેવા કાર્યોમાં જીવન પર્યંત સક્રિય રહ્યા હતા.

તેરા જૈન સંસ્થાઓના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ દંડ, કુમારભાઈ દંડ, પ્રતાપભાઈ દંડ, પ્રવીણભાઈ દંડ, શાંતિલાલ લોડાયા, નિરંજનભાઈ લોડાયા, દીપકભાઈ સાવલા, સચિનભાઈ, નરેન્દ્રભાઈ ખોના, દમયંતીબેન ખીમજીએ સદ્‌ગતને શ્રધ્ધાંજલિ આપી તેમના નિધનથી સમાજને વણ પૂરાયેલી ખોટ પડી હોવાનું જણાવ્યું હતું.

સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટીઓ, સેક્રેટરી જનરલ તથા ટ્રસ્ટીઓએ જ્ઞાતિના હામી બની સેવા કાર્યોમાં અગ્રેસર રહેનાર હંસકુમારના સાથ, સહયોગ અને માર્ગદર્શનની કસર કદી પૂરાશે નહીં એ જણાવી શ્રધ્ધા સુમન અર્પિત કર્યા હતા.

---


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

સમસ્ત મહાજન અને જ્ઞાતિના આદરણીય

શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી હંસકુમાર ભવાનજી અરજણની

જીવન ગાથા જ્ઞાતિમૈયા માં



આ વિશેષ જીવન ગાથા માટે

**શેઠ શ્રી હંસકુમાર શેઠને**

આપની શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ,

આદરાંજલિ, સ્મરણાંજલિ તથા

આપની સાથેનું સંભારણનું

ગુરૂવાર, તા.૧૪ જૂન ૨૦૨૩ સુધી મોકલો.

આપ આપની જાહેરાત પણ આપી શકો છો

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**

Kirti Dharmshi - 98440 04445

Jayant Chheda - 93222 57731 • Rajendra Khona - 93222 57191

Manisha Lalka - 98205 45734 • Varsha Lodaya - 88504 86781

Email : gyatimaiya2018@gmail.com

# શ્રી સુથરી જૈન સંઘ દ્વારા વયસ્ક જ્ઞાતિજનોને જિનપૂજા, દેવદર્શન કાજે સુથરી તીર્થે નિવાસ કાજે પધારવાનું ઈજન

શ્રી સુથરી જૈન સંઘ એ ખાસ વયસ્ક જ્ઞાતિજનોને ઈજન આપ્યું છે કે જે મુંબઈ મહાનગરીની ગીચતા ભરી જીવનશૈલી પ્રદુષણવાળી હવા, વાતાવરણ, રહેઠાણથી જિનાલય ખૂબ જ દૂર હોય જેથી દરરોજ જિનપૂજા, દેવદર્શનથી વંચિત રહેતા હો તેમજ આપની પરિસ્થિતિ પ્રતિકૂળ સંજોગોમાં ચાલતી હોય. આ બધી મુશ્કેલી ભરી જિંદગીથી મુક્ત વાતાવરણમાં અનુકુળ સ્વાસ્થ્ય વર્ધક વાતાવરણમાં અનુકુળ આબોહવા દરરોજ સેવા પૂજા કરી શકો પ્રફુલ્લિત જીવન માણી શકો એવા અબડાસાના પંચતીર્થીના મહાતીર્થ સુથરીમાં પધારી રહેવા ઈચ્છુક હો તો શ્રી સુથરી તીર્થ દ્વારા આપના રહેવાની, સાધર્મિક ભક્તિની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવશે.

વધુ જાણકારી માટે રમેશ હીરજી લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦ અથવા જિગ્નેશ છેડા-૯૭૨૬૨૧૩૮૨૭નો સત્વરે સંપર્ક કરશો. મર્યાદિત દંપતીઓ/વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવશે. એવું શ્રી સુથરી જૈન સંઘના ટ્રસ્ટીઓ દ્વારા અપાયેલ યાદીમાં જણાવેલ છે.

# તિરૂપુર નગરમાં આચાર્ય મહારાજ સાહેબોની ભવ્ય પધરામણી થઈ





દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગર સંઘમાં પ.પૂ.આચાર્ય શ્રી કુંથ કુંથ સૂરિજી મ.સા. તથા પ.પૂ.આચાર્ય શ્રી વિનયસૂરિજી મ.સા.ની તા.૩ જૂન શનિવારના શ્રી સુવિધિનાથ જૈન દેરાસરે પધરામણી થઈ. આ પ્રસંગે સંઘના શ્રાવક શ્રાવિકાઓએ પૂજ્ય સાહેબોનું ભવ્ય સામૈયું કર્યું હતું.

પૂજ્ય સાહેબ તા.૭ જૂન સુધી અત્રે સ્થિરતા કરી ભક્તોને દર્શન વંદન અને વાણી વ્યાખ્યાનો ધન્ય લાભ આપ્યો હતો. તા.૭ જૂન બુધવાર કોઈમ્બતુર નગર જવા વિહાર પ્રારંભ કર્યા હતો જ્યાં તેમનું ચાતુર્માસ નિર્ધારિત થયેલ છે.

# શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા પાચોરા મુકામે રૂબરૂ ૨૦૨૩ સ્નેહમિલનનું આયોજન




શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમના મહિલા મંચ, યુવા મંચ, જનરલ સભા સાથે ફરી એકવાર રૂબરૂ ૨૦૨૩ શીર્ષક અંતર્ગત સ્નેહમિલનનું આયોજન તા.૨ તથા ૩ સપ્ટેમ્બર ૨૦૨૩ શનિવાર, રવિવારના પાચોરા મુકામે બે દિવસના આયોજન કરેલ છે. આપના વિસ્તારના સંઘના યુવાો, મહિલાઓ તથા સર્વે ભાઈઓ વધુ થી વધુ સંખ્યામાં જોડાય એ વિનંતી મહારાષ્ટ્ર એકમના પ્રમુખ મનિષભાઈ લોડાયા-૮૮૮૮૫૨૦૪૯૮ તથા માનદમંત્રી ગોવિંદભાઈ સોની-૯૯૨૩૪૬૭૬૪૦ દ્વારા કરાઈ છે.

કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા જલદીથી મોકલવામાં આવશે. આ આમંત્રણ આપના સ્થાનિક કેડીઓ વોટ્સએપ ગ્રુપમાં મોકલવાની પણ વિનંતી તેમના દ્વારા થઈ છે.

॥ સોનથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥




# શ્રી સુથરી જૈન સંઘ

વહીવટી કાર્યાલયઃ C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ - 400 080. સંપર્ક નં. 9833585280
ઇ-મેલઃ vrlodaya@gmail.com

તીર્થ પેઢીઃ સુથરી-કચ્છ, તા. અબડાસા (ગુજરાત)-370490.
મો. 9726213827

ના આયોજને ચાતુર્માસ પ્રવેશોત્સવના વાગ્યા છે
શરણાઈ ને ઢોલ...



# ચાતુર્માસ પ્રવેશોત્સવ

શુભ દિનઃ વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ સુદ-૯,
સોમવાર, તા. ૨૬.૦૬.૨૦૨૩

**દિવ્ય કૃપા દ્રષ્ટિઃ અમી આશિષવૃષ્ટિઃ**

શાસનસમ્રાટ્, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

જ્યોતિષ દિવાકર, પ.પૂ.આ.ભ. **શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભાશિષ-આજ્ઞા દાતા-મંગલકામના પુષ્ટિઃ**

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક, અચલગચ્છાધિપતિ, **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

સરળ સ્વભાવી, પ.પૂ.આ.ભ. **શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

આગમ દિવાકર, પ્રસમરસનિધિ, પ.પૂ.આ.ભ. **શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. એવમ્** સર્વે **પદસ્થ શ્રમણ-શ્રમણી ભગવંતો**

**ચાતુર્માસ શુભ નિશ્રાઃ**

પ.પૂ.સાધ્વી **શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.**ના શિષ્યા
પ.પૂ.સાધ્વી **શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.**, પ.પૂ.સાધ્વી **શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.**

**સ્થવિર શુભ નિશ્રાઃ**

પ.પૂ.સાધ્વી **શ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.**ના શિષ્યા
પ.પૂ.સાધ્વી **શ્રી મહાયશાશ્રીજી મ.સા.**



**કાર્યક્રમની રૂપરેખાઃ**

સવારે ૮:૧૫ કલાકે : ગુરૂભગવંતોનું જાજરમાન ભવ્ય સામૈયું
સવારે ૯:૦૦ કલાકે : ગુરૂભગવંતોના સથવારે સામૂહિક ચૈત્યવંદન
સવારે ૯:૩૦ કલાકે : પૂજ્યશ્રી દ્વારા મહા માંગલિક વ્યાખ્યાન
વિવિધ શ્રી સંઘોથી પધારેલ શ્રાવક-શ્રાવિકાઓ તેમજ ચાતુર્માસાર્થે પધારનાર આરાધકોનું આવકાર, **વ્યાખ્યાન દરમ્યાન** - પૂજ્યશ્રીને કામળી વ્હોરાવવાના ચડાવા, પૂજ્યશ્રીને સૂત્ર વ્હોરાવવા તથા પાંચ જ્ઞાનની ઘૃતઉછામણી, તેમજ વિવિધ પ્રાસંગિક ચડાવા અને ચાતુર્માસની વિવિધ જાહેરાતો, શ્રી સંઘ માટે સર્વ સાધારણ ફાળો અને શ્રી સંઘ પૂજન માટે ટહેલ.
રાત્રે ૮:૦૦ કલાકે : દેવિસક પ્રતિક્રમણ, રાત્રિ ભાવના, આરતી અને મંગલદીવો



ચાતુર્માસ પ્રવેશોત્સવે તમામ સુથરીવાસીઓ સહ નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે. ચાતુર્માસ દરમ્યાન સાધર્મિક ભક્તિનો ઉદાર દિલે લાભ લેશો તેમજ શ્રી સંઘની ચાતુર્માસની વિવિધ યોજના અંતર્ગત પણ લાભ લઇ પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવાનો સોનેરી અવસર છે.

**લિ. શ્રી સુથરી જૈન સંઘ**
**ટ્રસ્ટીગણ તેમજ વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો**

# પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિકલાશ્રીજી મ.સા. ઘૂંટણની તકલીફ માટે સિમ્સ હોસ્પિટલ અમદાવાદમાં એડમીટ થયાં

પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિકળાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩, તા.૮ જૂન ગુરૂવારના રોજ અમદાવાદ પધાર્યા છે. પ.પૂ.આ.શ્રી જ્યોતિકલાશ્રી મ.સા.ને ઘૂંટણની તકલીફ છે જેના ઈલાજ માટે સિમ્સ હોસ્પિટલમાં એડમીટ થયા છે. વિજયભાઈ દેઢિયા, રાજેશભાઈ ધરમશી વગેરે, તેઓની વૈયાવચ્ચ કરી રહ્યાં છે. કોઈને વૈયાવચ્છનો લાભ લેવો હોય તેઓએ વિજય દેઢિયા નો-૮૧૨૮૮૮૪૬૦૦ ઉપર સંપર્ક કરે એ વિનંતી શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદના પ્રમુખ શાંતિલાલ મૂળજી સાવલા તરફથી કરાઈ છે.

વૈયાવચ્છનો લાભ લેવાનો આ મેસેજ ફક્ત અમદાવાદના શ્રાવક-શ્રાવિકાને હોસ્પિટલમાં સેવા, ગોચરી વગેરેની વૈયાવચ્છ કરવા અંગેનો છે.

હોસ્પિટલ ખર્ચના વિષયે નથી. હોસ્પિટલ ખર્ચની જવાબદારી હમેંશાથી શ્રી અખિલભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘ જ પૂરી કરે છે એવી સ્પષ્ટતા પણ શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ દ્વારા કરાઈ છે.

# નલિયા નગરે શ્રી અંબેમાને નમતા શ્રી નાગડા ગૌત્રના ભાવિકોની ૬૪મી સમૂહ પહેડીનું આયોજન

તા.૧૯ જૂન સોમવારે તથા તા.૨૦ જૂન મંગળવાર દિને અબડાસા પ્રાંતના નલિયા નગરના શ્રી અંબે મા ને નમતા શ્રી નાગડા ગૌત્રના પરિવારજનોની ૬૪મી સમૂહ પહેડીનું આયોજન કરાયું છે. જે કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ નિર્ધારિત કરાઈ છે. તા.૧૯ જૂન સોમવારે બપોરે ૩ કલાકે નિમાલ, રાત્રે ૮ કલાકે કિશોર સંગાર તેમજ સાથી કલાકારોના સથવારે માતાજીની ભક્તિ ભાવના, રાસ ગરબા અને આરતી.

તા.૨૦ જૂન મંગળવારના રોજે સવારે ૭ કલાકે નાગડા ગોત્રના ભાવિકો સાથે નવકારશી સવારે ૯ કલાકે માતાજીના પાલક (મંદિર) ઉપર ધ્વજારોહણ, ૯.૩૦ કલાકે પહેડી પ્રસાદ-જુહાર, બપોરે ૧૧.૩૦ કલાકે નાગડા ગોત્રના ભાવિકો સાથે પ્રીતિ ભોજન.

જે ભાવિકો બહારગામથી નલિયા પધારવાના છે તેઓએ મહેશ શામજી નાગડા-૯૪૨૮૬૮૪૩૨૭ પાસે લખાવવા વિનંતી. વિશેષ નોંધ રહેવા માટેની સગવડ આપને કરવાની રહેશે. આરતી અને ધ્વજારોહણ માટેનો ચડાવો રાત્રિ ભાવનામાં બોલાશે એ જાણ શ્રી નાગડા ગોત્ર સમિતિ નલિયા દ્વારા કરાઈ છે.

# જખૌ નગર રત્નટૂંક ૧૦ જિનાલયનો ૧૭૬મો ધ્વજા મહોત્સવ રંગેચંગે સંપન્ન

અબડાસા પંથકના જખૌ નગરના રત્નટૂંક ૧૦ જિનાલયનો ૧૧૬મો ધ્વજા મહોત્સવ અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે ભવ્યતા સાથે સંપન્ન થયો. વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ સુદ ૧૧ને તા.૩૧ મે મંગળવાર રોજે ધ્વજા મહોત્સવના પાવન નિશ્રા દાતા જખૌ રત્ન, ૨૩ વર્ષીતપના આરાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણાના નગર પ્રવેશ અવસરે સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ ઉમંગભેર સામૈયું કર્યું હતું.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

KDO SANJIVANI

## સંજીવની યોજના દ્વારા ૧૦૦ વ્યક્તિઓને મળેલ જીવનદાનની ખુશાલી રૂપે

# જ્ઞાતિમૈયા માં વિશેષ પૂર્તિ

**આ વિશેષ સંજીવની પૂર્તિમાં આપનો અનુભવ, સમાજ માટે સંદેશો અને આપની વિચારધારા શનિવાર તા.૧૫ જૂન સુધી લખીને મોકલો**

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**જાહેરાત ફક્ત ₹ 1000/-**

Contact :
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 8850486781
Email : gyatimaiya2018@gmail.com

# ચાતુર્માસ પ્રવેશ - ૨૦૨૩

૧૧.૬.૨૦૨૩

શ્રી સુવિધિનાથ ડોંબીવલી નગરે

પ.પૂ. ગણિવર્ય ધર્મપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા ૩

૧૨.૬.૨૦૨૩

શ્રી દાદર કચ્છી જૈન સંઘ (દાદર પૂર્વ) નગરે

પ.પૂ.સિદ્ધિવર્ષાશ્રીજી મ.સા. અને પ. પૂ ભાગ્યવર્ષાશ્રી મ સા. ઠાણા -૨

૧૪.૬.૨૦૨૩

શ્રી જીરાવલ્લા ઘાટકોપર નગરે સવારે ૬.૪૫ કલાકે

પ.પૂ હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫

૧૮.૬.૨૦૨૩

શ્રી સર્વોદય નગર (ચેમ્બર) સવારે ૮ કલાકે

પ.પુ. મુનિરાજ જગવલ્લભ-સાગરજી મ.સા

૨૦.૬.૨૦૨૩

શ્રી ભાંડુપ કેવીઓ નગરે

પ.પૂ આગમોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી મોથારા નગરે સવારે ૮ વાગે

પ.પૂ રમ્યગુણાશ્રીજી મ.સા. અને પ પૂ અનંતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ક

શ્રી ચેમ્બર અચલગચ્છ જૈન સંઘ નગરે

પ.પૂ પરહિતપૂર્ણાશ્રીજી મ.સા.

૨૧.૬.૨૦૨૩

શ્રી પુનડી નગરે

પ.પૂ.હિરણ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫

શ્રી નવાવાસ કચ્છ નગરે

પ પૂ.વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫

શ્રી અંકલેશ્વર નગરે

પ.પૂ.તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

શ્રી વડાલા અચલગચ્છ (મુંબઈ) નગરે

પ પૂ..તારકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી લાલવાડી (ધર્મપુરી) નગરે

પ.પૂ.હિતગુણાશ્રીજી મ. સા. આદિ ઠાણા ૩

શ્રી કોટડી મહાદેવપુરી નગરે સવારે ૬ કલાકે

પ.પૂ.વિરાગગુણાશ્રીજી મ સા. આદિ ઠાણા ૩

શ્રી હૈદરાબાદ જિનેશ્વરધામ કાચીગુડા નગરે

પ.પૂ.વિજયપૂર્ણાશ્રીજી મ સા. આદિ ઠાણા ૩

શ્રી નવનીત નગર ડોંબીવલી નગરે

પ.પૂ.દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ગોરેગાંવ વેસ્ટ (રાજેન્દ્ર પાર્ક) નગરે

પ. પૂ.વાચયમયાશ્રીજી મ.સા.

શ્રી નાલાસોપારા ઈસ્ટ નગરે

પ. પૂ.હર્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

કાંડાગરા નગરે

પ પૂ.દિવ્યગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨

૨૨.૬.૨૦૨૩

શ્રી બાડા નગરે

પ પૂ અભયગુણાશ્રીજી પરીવારનાં પ.પૂ શીલગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૪

૨૩.૬.૨૦૨૩

શ્રી નાના આસંબિયા નગરે સવારના ૯:૧૫ કલાકે

પ.પૂ.ગણિવર્ય રાજરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા

શ્રી બિદડા નગરે સવારે ૬ કલાકે

પ.પૂ.પ્રવર્તક શ્રી પુણ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ભુજપુર નગરે

પ પૂ દેવગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬

શ્રી લાયજા નગરે

પ. પૂ.જયપદ્મગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

શ્રી સાંતાક્રુઝ ઈસ્ટ (ફલિકુંડ પાર્શ્વનાથ જૈન મંદિર) નગરે સવારે ૭.૪૫ કલાકે

પ પૂ.મોક્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી મલાડ અચલગચ્છ જૈન સંઘ

પ પૂ. કિર્તનગુણાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૨

શ્રી ઘરણગામ નગરે

પ.પૂ.અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી ડિગસ નગરે

પ.પૂ રાજપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી કાંદીવલી વેસ્ટ નગરે

પ.પૂ.ઘર્મપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

# ચાતુર્માસ પ્રવેશ - ૨૦૨૩

ચિચબંદર મુંબઈ નગરે

પ.પૂ.લક્ષગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી દહીંસર ઈસ્ટ નગરે

પ.પૂ.નયપૂર્ણાશ્રીજી મ.સા જગડુશા નગરે (ઘાટકોપર )

પ.પૂ ચારુશીલાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

શ્રી વાશી (નવી મુંબઈ) નગરે

પ.પૂ.મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી પૂના નગરે

પ.પૂ. ચારૂદર્શનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

જામનગર નગરે

પ.પૂ.ચારુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫

૨૪.૬.૨૦૨૩

શ્રી થાણે નગરે (ચન્દ્રપ્રભ)

પ.પૂ.તત્વરક્ષિતમ.સા. આદિ ઠાણા

શ્રી ઉદયપુર નગરે

પ.પૂ.કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ફરાદી નગરે

પ.પૂ.યશોગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ખારૂઆ નગરે

પ પૂ કૈવલ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

નાગલપુર નગરે

પ.પૂ.કિરણકલાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી સાંયરા કચ્છ નગરે સવારે ૧૦.૩૫ કલાકે

પ.પૂ.જયધર્માશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

૨૫.૬.૨૦૨૩

શ્રી જોગેશ્વરી ઈસ્ટ (મલ્લિનાથ) નગરે

પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૫

શ્રી વાપી નગરે

પ.પૂ.કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

શ્રી ખામગાંવ નગરે

પ.પૂ.કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

શ્રી સુરત નગરે

પ.પૂ.નયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ચાલીસગામ નગરે પ પૂ મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

૨૬.૬.૨૦૨૩

શ્રી લઠેડી નગરે

પ.પૂ.હિતવર્ધનસાગરજી મ.સા.

શ્રી મોટા આસંબિયા નગરે સવારના ૮.૧૫ કલાકે

પ પૂ.પ્રશાંતગુણાશ્રીજી મ સા. આદિ ઠાણા ૨

શ્રી ડોણ નગરે

પ પૂ.ભદ્રગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી માંડવી કચ્છ નગરે

પ.પૂ આગમકિરણાશ્રીજી મ.સા. આદિ ઠાણા

માપર નગરે

પ.પૂ.નંદિવર્ધનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫

શ્રી દેવલાલી નગરે

પ.પૂ.વિશ્વકીર્તિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી મેરાઉ નગરે

પ.પૂ મહાપદ્મગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વે. જૈન સંઘ

સવારના ૫:૩૦ કલાકે પ.પૂ. અમીવર્ષાશ્રીજી મ.સા.

પ.પૂ. જૈનવર્ષાશ્રીજી મ.સા.

શ્રી અંધેરી ઈસ્ટ નગરે

પ. પૂ જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી પારોલા નગરે સવારે ૯ કલાકે

પ.પૂજયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

નાલાસોપારા વેસ્ટ નગરે સવારે ૭.૧૫ કલાકે

પ.પૂ નયદર્શનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી નલિયા નગરે

પ.પૂ.અમિતયશાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી સુથરી નગરે

પ.પૂ.મહાયશાશ્રીજી મ.સા. તથા

પ.પૂ.હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ચૈતન્યપૂરી હૈદરાબાદ નગરે

પ.પૂ.લક્ષલીનાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

# ચાતુર્માસ પ્રવેશ - ૨૦૨૩

૨૭.૬.૨૦૨૩

ભુજ વર્ધમાન નગરે

પ.પૂ.પૂનીતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ તથા પ.પૂ.પાવનગુણાશ્રીજી મ.સા.

૨૮.૬.૨૦૨૩

શ્રી મુલુંડ વેસ્ટ (ઝવેર રોડ) નગરે

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૨

કોઠારા કચ્છ નગરે

પ.પૂ.પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ભારત નગર ગાંધીધામ કચ્છ નગરે

પ.પૂ.મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા ૭

શ્રી શેરડી નગરે

પ.પૂ.સમકિતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

શ્રી નરેડી નગરે

પ.પૂ.અંક્ષયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫

શ્રી દેવપુર નગરે સવારે ૯.૩૦ કલાકે

પ.પૂ.વીરગુણાશ્રીજી મ.સા., પ.પૂ. ગૌતમગુણાશ્રીજી મ.સા.

પ.પૂ.વીરગુણાશ્રીજી મ.સા., પ.પૂ. ગૌતમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫

શ્રી મુલુંડ ઈસ્ટ નગરે

પ.પૂ સુશીલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી તલવાણા કચ્છ નગરે સવારે ૬.૧૫ કલાકે

પ.પૂ.પદ્મગુણાશ્રીજી મ.સા. શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ સવારે ૬.૧૫ કલાકે પ.પૂ. સા.શ્રી કલ્પરસાશ્રીજી મ. સા આદી ઠાણા -૩

શ્રી ભાયંદર વેસ્ટ નગરે

પ.પૂ. સમયગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

ભુજ નવનીત નગરે

પ.પૂ.જગતંત્રયાશ્રીજી મ.સા.

૨૯.૬.૨૦૨૩

શ્રી મોટી રાયણ નગરે

પ.પૂ.ઉપાધ્યાય ભ શ્રી પૂર્ણભદ્રસાગરજી મ સા

શ્રી ડુમરા નગરે સલૂણી સવારે

પ.પૂ.જ્યોતિકલાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬

શ્રી નાની તુંબડી નગરે

પ.પૂ.સંવેગગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી નાંદેડ નગરે

પ.પૂ સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪

શ્રી કોટડા રોહા નગરે

પ.પૂ.મોક્ષદર્શનાશ્રીજી મ.સા. આદિ ઠાણા

શ્રી વિલે-પાર્લે ઈસ્ટ નગરે

પ.પૂ.ભવ્યગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી ગઢશીશા નગરે પ.પૂ.કોમલગીરાશ્રીજી મ.સા. આદી ઠાણા ૨

શ્રી ગિરગામ (સેન્ટર પ્લાઝા) પ.પૂ.તીર્થગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી બાંદ્રા નગરે પ.પૂ.કલ્પપ્રિયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

શ્રી તેરા તીર્થે. પ.પૂ.આનંદકિરણાશ્રીજી મ.સા.

૩૦.૬.૨૦૨૩

શ્રી બાડમેર નગરે પ.પૂ.નીતીગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩

૧.૭.૨૦૨૩

શ્રી વડોદરા (શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ) નગરે

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૮

શ્રી શંખેશ્વર નગરે

૨૨ માં વર્ષીતપના તપસ્વીરત્ન ૫ પૂ.આ ભ. શ્રી કવીન્દસાગરસૂરીશ્વરજી મ સા.આદિ ઠાણા ૨

શ્રી બાલવાડા (જી. જાલોર, રાજસ્થાન) નગરે

પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ ઠાણા ૩

શ્રી ગોધરા નગરે સવારના ૯ કલાકે

પ.પૂ.કાવ્યગુણાશ્રીજી મ.સા.

શ્રી સાંધવ નગરે સવારના ૭.૪૫ કલાકે

પ.પૂ.નમ્રગુણાશ્રીજી મ.સા.

સાંતાક્રુઝ વેસ્ટ નગરે

પ.પૂ.જીનેન્દ્રગુણિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨

– સૌજન્ય અચલગચ્છ એપ

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS



KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન

|  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|
| **Veer Ketan Meisheri**<br>84.2%<br>Lala - Kanjurmarg | **Ridhi Suresh Kurwa**<br>87%<br>Godhra - Dombivli | **Hitansh Vinay Nagda**<br>85%<br>Naliya - Dombivli | **Hetavi Pradnesh Nagda**<br>79.30%<br>Lala - Karad | **Jai Shah**<br>82%<br>Goersama - Dombivli | **Dipti Jayesh Lodaya**<br>92%<br>Sanyara - Hingoli |



# રચના મહિલા મંડળને ૩૩ વર્ષ પૂરા થતા શાનદાર ઉજવણી કરાઈ





મંડળને ૩૩ વર્ષ પૂરા થતા તા.૯ જૂનના મેપાણી હોલ (દેવપૂંજ-મુલુંડ)માં ખૂબજ શાનદાર રીતે ઉજવાયો. નવકાર મંત્રથી શરૂઆત કરી મંડળના અધ્યક્ષા શ્રીમતી ધનબાઈ મોતાનું સ્વાગત હરખભેર કરાયું. આવેલ સર્વ (૪૮) સભ્યોનું તિલક કરીને મીઠું મોઢું કરાવ્યું. શ્રીમતી પારૂલબેન ભાનુશાલીએ વિવિધ વાનગીઓનું ડેમોસ્ટ્રેશન બતાવ્યું. એમની સંગાથે આવેલ નેસ્લે કંપનીવાળાએ પણ વાનગીઓનું ડેમો આપ્યું અને હાઉઝી રમાડી, બધાને ઈનામ આપ્યા. આમ બધા સભ્યો ખુશખુશાલ થઈને અલ્પહારને ન્યાય આપી છૂટા પડ્યાં.

# ભાવભીની શ્રદ્ધાંજલિ

|  |  |  |  |  |
|---|---|---|---|---|
| **અનિતાબેન મોતા**<br>તા.૧ જૂન (ઉ.૫૯)<br>સુથરી-અંજાર | **મંજુલાબાઈ લોડાયા**<br>તા.૨ જૂન (ઉ.૮૧)<br>જખૌ-વડાલા | **શેઠશ્રી હંસ ખીમજી**<br>તા.૬ જૂન (ઉ.૮૩)<br>તેરા-માટુંગા | **પ્રતાપભાઈ નાગડા**<br>તા.૮ જૂન (ઉ.૮૪)<br>સાંધણ-ઘાટકોપર | **વિમલાબેન લાલકા**<br>તા.૧૦ જૂન (ઉ.૭૯)<br>વારાપધ્ધર-સેંધવા |

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનાના સુવર્ણ પેટ્રન દાતાની સુવર્ણ અનુમોદના




શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને જ્ઞાતિજનો માટે ઉપયોગી, આધારરૂપ યોજના સંજીવની યોજના ખરેખર આકસ્મિક સંજોગોમાં સપડાતા જ્ઞાતિજનોને જાણે સંજીવની આપી સહાયરૂપ થાય છે. ઉદાર દિલ દાતાઓનો વિશ્વાસ જીતીને સફળતાપૂર્વક આગળ ધપી રહી છે.

નલિયા-મુલુંડના કુ.મેહેર જીતેશ મોતીચંદ ખોના એ ૧૦મા ધોરણની બોર્ડ કેમ્બ્રીજ એક્ઝામમાં ૮૬ ટકા મેળવી ઉચ્ચતમ સિધ્ધિ પ્રાપ્ત કરી સફળતા મેળવી છે. તેણીની આ ઝળહળતી સિધ્ધિને યાદગાર બનાવતા સંજીવની સુવર્ણ પેટ્રન તરીકે રૂા.૫૦ હજારનું ઉદાર અનુદાન નોંધાવ્યું છે.

ખોના પરિવારની જ્ઞાતિજનો પ્રત્યેની આ ઉદારતાને તેમની ભાવનાને સમસ્ત મહાજન સાથે મેડિકલ સમિતિ ખોબલે ખોબલે બિરદાવે છે. અઢળક અનુમોદના કરે છે.




● આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતનામ ઓનલાઈન બુકીંગ એજન્સી ટ્રાવેલ મીથ દ્વારા હોડકોના જાણીતા મહેફિલ એ રણ વિલેજ રિસોર્ટને હોટલની વિવિધ કેટેગરીના એક સાથે ૧૦ જેટલા હોટલ એવોર્ડ મેળવી. આ રિસોર્ટ વિશ્વ સ્તરે મોટી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. સફેદ રણના વધતા પ્રભાવમાં ભાતીગળ ભૂંગા બન્નીના માલધારી સંસ્કૃતિની આગવી ઓળખ ગણાય છે. ભીરંડિયારા અને ધોરડો સ્થિત શ્વેત રણને જોડતાં ૨૮ કિ.મી. જેટલા અંતરમાં રસ્તાની બંન્ને બાજુ એ લગભગ ૪૦થી પણ વધુ નાના મોટા વિલેજ રિસોર્ટ ઊભા થયા છે. વર્ષ ૨૦૧૪માં શરૂ થયેલા મહેફિલ એ રણ રિસોર્ટમાં અત્યાર સુધી ૧૩ હજાર જેટલાં દેશી વિદેશી સહેલાણીઓ રોકાઈ બન્નીના આતિથ્ય સત્કાર મેળવી ચૂક્યાં છે. બન્નીની સંસ્કૃતિને ધ્યાનમાં રાખી નિર્માણ આ રિસોર્ટમાં બન્નીનું ખાસ ભાણું, બન્નીના પ્રખ્યાત લોકસંગીતના કાર્યક્રમો, હસ્તકલા કારીગરીનું નિદર્શન, કેમ્પ ફાયર જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

● ભુજ તાલુકાના ઝીંકડી ગામના ગોમતીબેન આહીર આજથી ૧૫ વર્ષ પહેલાં તેમના પરંપરાગત વ્યવસાય સાથે જોડાયા હતા. પછાત વિસ્તારમાં વર્ષો પહેલાં મહિલાઓને શિક્ષણ માટે કોઈ પ્રોત્સાહન મળતું ન હતું જેથી ગોમતીબેન શિક્ષણથી વંચિત રહ્યાં હતાં. કંઈક કરી છૂટવાની અને સ્વરોજગારી મેળવવાની નેમ સાથે તેમણે હાથ વણાટનું કચ્છી એમ્બ્રોઈડરીનું કામ શરૂ કર્યું અને તેના થકી સારી એવી રોજગારી મળવાની શરૂ થઈ હતી. તેઓ આજુબાજુ ગામના ૪૦૦ મહિલાને કચ્છી એમ્બ્રોઈડરીની હસ્તકલા શીખવાડીને પગભર બનાવી છે. જેને લીધે આજે તે દરેક મહિલાઓ સ્વ રોજગાર થકી મહિને ૬ થી ૮ હજાર રળતી થઈ છે. તેઓને હાથવણાટથી બનાવેલા કુર્તા, ચણિયા ચોળી, વોલપીસ, કુશન, કવર, રજાઈ, પર્સ, પીલો કવર, મોબાઈલ કવર સહિતની ચીજોના ઓર્ડર દેશ વિદેશથી મળી રહ્યાં છે.

● અંજારમાં ક્ષત્રિય સમાજવાડી ખાતે હિતશ્રી હેલપિંગ હેન્ડ સંસ્થા દ્વારા શારીરિક અને માનસિક અસ્વસ્થ લોકો માટે ફેશન શો યોજાયો હતો. જેમાં ૧૬૦ જણના ઓડિશન લેવામાં આવ્યા હતા અને ૭૮ની ફાઈનલ માટે પસંદગી કરવામાં આવી હતી. આ નિઃશુલ્ક કાર્યક્રમમાં જુદી જુદી આઠ શ્રેણીમાં વિજેતા પસંદ કરવામાં આવ્યા હતા. તેઓને શિલ્ડ, સેસ, તાજ અને ભેટ આપવામાં આવી હતી.


● ગુજરાતના શહેરોને તેમજ પ્રવાસન સ્થળોને જોડતા શહેરો ખાતે નવા એરપોર્ટનો વિકાસ કરવાનું આયોજન કરાયું છે. આ માટે રાજ્ય બજેટમાં ૨૧૫ કરોડ રૂ.ની નવી બાબત મંજૂર કરવામાં આવી છે. એવું વિધાનસભામાં નાગરિક ઉડયન મંત્રી બળવંત સિંહ રાજપુતે કહ્યું હતું કચ્છના ધોરડો અને ધોળાવીરા ઉપરાંત કેશોદ, દ્વારકા, રાજપીપળા, દાહોદ, મોરબી અને અંકલેશ્વર ખાતે એરપોર્ટ ઊભા કરાશે અથવા જૂના એરપોર્ટમાં સુવિધાઓ ઉમેરાશે.

● મૂળ મુંદ્રા તાલુકાના ભુજપુરના અને હાલે મુલુંડના નેહા ભાનુમતી કિશોર ભેદા એ એક્ટિવા પર ૭૭૦૦ કિલો મીટરનો પ્રવાસ માત્ર ૪૫ દિવસમાં પૂરો કરીને અદ્વિતીય સાહસિકતા દેખાડી છે. ૪૦ થી ૪૫ કિલો વજન સાથે પશ્ચિમ ભારતના દરિયાઈપટ્ટીથી શરૂ કરીને મહારાષ્ટ્ર માલવણ, ગોવા, કર્ણાટક, કેરલમાંથી પસાર થઈને ધનુષકોડી, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાલ, કોલકતાથી ઝારખંડ, છતીસગઢ રાજ્યોના અંતરિયાળ વિસ્તારો થઈને નાગપુર, નાસિક થઈ મુંબઈ સુધીનો કઠિન પ્રવાસ પૂરો કર્યો હતો.

● પશ્ચિમ બંગાળના ખડગપુરમાં ૪૨મી રાષ્ટ્રીય માસ્ટર એથ્લેટિક્સ સ્પર્ધામાં આદિપુરના વૃધ્ધ મહિલા દોડવીર ઉષાબેન એ.ગોસ્વામી ભાગ લઈ ફાસ્ટ વોક તથા લોંગ જમ્પમાં શ્રેષ્ઠ દેખાવ સાથે સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા હતા. જવેલીન થ્રોમાં રજતપદક તથા ડિસ્કસ થ્રોમાં ત્રીજું સ્થાન સાથે કાંસ્યપદક અંકે કર્યો હતો. તેઓ અગાઉ અનેક સ્પર્ધામાં ભાગ લઈને વિજેતા પદક હાંસિલ કર્યા છે.

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)